## New Announcement About PostMatric Scholarship (SC/ST/OBC) For Students

**SC/ST/OBC** ખાતાની જુદી જુદી પોષ્ટમેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓમાં વિદ્યાર્થીઓને ફોર્મ ભરવાની છેલ્લી તા:૩૧/૧૨/૨૦૧૭ રાખવામાં આવેલ હતી. તા:૩૧/૧૨/૨૦૧૭ પછી નવા વિદ્યાર્થીઓ ઓનલાઇન એપ્લાય કરી શકશે નહી.

અત્રે જે વિદ્યાર્થીઓએ **SC/ST/OBC** ખાતાની કોઇ પણ યોજનાઓમાં એપ્લાય કરી દીધેલ હશે તો તેવા વિદ્યાર્થી તા:૩૧/૧૨/૨૦૧૭ પછી પણ સુધારા વધારા કરી શક્શે. તેમજ કોઇ શાળા/કોલેજ/સંસ્થાઓએ ઓનલાઇન અરજીઓમાં પૂર્તતા કરાવવા અરજીઓ વિદ્યાર્થીઓને ઓનલાઇન પરત કરી હશે તો તેવા વિદ્યાર્થીઓ પણ **"Edit"** બટનની મદદથી અરજીમાં સુધારા વધારા કરી ફરી શાળા/કોલેજ/સંસ્થાઓને અરજીઓ મોકલી શકશે. તેમજ અધુરા ડોક્યુમેન્ટ **Upload** કરી શકશે.

વધુમાં જે વિદ્યાર્થીઓને ઓનલાઇન અરજીઓ કરવાનુ બાકી રહી ગયેલ છે કે કોઇ કારણોસર અરજી કરી શકેલ નથી તેવા વિદ્યાર્થીઓ માટે ફરી તા: ૧૫/૦૧/૨૦૧૮ થી ૩૧/૦૧/૨૦૧૮ સુધી ઓનલાઇન અરજી કરવા વિન્ડો ઓપન કરવામાં આવશે જેથી બાકી રહી ગયેલ વિદ્યાર્થીઓ પોતાના બધા પુરાવા સાથે રાખે જેથી વિન્ડો ફરી ખુલે ત્યારે અરજી સમય મર્યાદામાં કરી શકે.

## New Announcement About PostMatric Scholarship (SC/ST/OBC) For School/College/Institutes

૧. શાળા/કોલેજ/સંસ્થાઓએ વિદ્યાર્થીઓએ કરેલ **Online** અરજીઓની હાર્ડકોપી સાધનિક કાગળો સહિત વિદ્યાર્થીઓ પાસેથી તાત્કાલિક મેળવી તેની ચકાસણી કરી શાળા/કોલેજ/સંસ્થાના લોગીનમાં **Pending Application** માંથી **Online** ફોરવર્ડ કરી તાત્કાલિક **Higher Authority**ને મોકલી આપવાની રહેશે.

૨. સંબધિત **SC/ST/OBC** કચેરી દ્વારા **Return** કરેલ અરજીઓ વિદ્યાર્થીઓને **Online** પરત કરી વિદ્યાર્થીઓની અરજીમાં પૂર્તતા કરાવી પુન: શાળા/કોલેજ/સંસ્થાના લોગીનમાં મેળવી ઉપર (૧) મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

૩. **Online** ફોરવર્ડ કરેલ અરજીઓની હાર્ડકોપી સંબધિત જિલ્લા કચેરીને તાત્કાલિક મોકલી આપવાની રહેશે.

૪. અધુરા ડોક્યુમેન્ટ **Upload** કરેલ હોય તેવા વિદ્યાર્થીઓની ઓનલાઇન અરજીઓ શાળા/કોલેજ/સંસ્થા કક્ષાએથી જ પૂર્તતા કરાવી લેવાની રહેશે અને ફરજીયાત હોય તેવા તમામ ડોક્યુમેન્ટ **Upload** કરાવી લેવાના રહેશે. તમામ ડોક્યુમેન્ટ **Upload** થઇ જાય ત્યારબાદ હાયર ઓથોરીટીને અરજીઓ સેન્ડ કરવાની રહેશે